# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-12-2025 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## PM મસ્કતના પ્રવાસે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જોર્ડન અને ઇથોપિયાની મુલાકાત પૂર્ણ કર્યા પછી ત્રણ દેશોના પ્રવાસના છેલ્લા તબક્કામાં ઓમાનના મસ્કત પહોંચ્યા. ઉલ્લેખનીય છે કે**,** ભારત અને ઓમાન તેમના રાજદ્વારી સંબંધોનાં **70** વર્ષની ઉજવણી કરી રહ્યા છે.

**-----------------------------------------------------------------------------------------------**

## જી રામજી, બિલ 2025

લોકસભાએ વિકાસ ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) માટે ગેરંટી: વિકાસ ભારત - જી રામ જી**,** બિલ **2025** ને વિચારણા અને પસાર કરવા માટે રજૂ કર્યું છે. આ કાયદો વીસ વર્ષ જૂના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ**, 2005** **(**મનરેગા) ને બદલશે. બિલમાં રોજગારના દિવસોની ગેરંટી **100** થી વધારીને **125** દિવસની વેતન રોજગાર કરવાનો પ્રસ્તાવ છે.

**-----------------------------------------------------------------------------------------------**

## પ્રસાર ભારતી

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને જણાવ્યું હતું કે પ્રસાર ભારતીએ સાંસ્કૃતિક પહોંચને પ્રોત્સાહન આપવા અને તેના કાર્યક્રમો દ્વારા આવક ઉત્પન્ન કરવા તેમજ તેની જાહેર સેવાની જવાબદારી પૂર્ણ કરવા માટે કન્ટેન્ટ સિન્ડિકેશન નીતિ**, 2025**નો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ નીતિનો ઉદ્દેશ્ય દૂરદર્શન અને ઓલ ઈન્ડિયા રેડિયો દ્વારા ઉત્પાદિત કાર્યક્રમો, આર્કાઇવ કરેલા રાષ્ટ્રીય અને પ્રાદેશિક કાર્યક્રમો અને સરકારી કાર્યક્રમો, તહેવારો, રમતગમત વગેરેના લાઇવ પ્રસારણનું મુદ્રીકરણ કરવાનો છે.

**-------------------------------------------------------------------------------**

## CM – વિકાસ કામો માટે ચેક અર્પણ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે રાજ્યની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓને વિકાસ કામો માટે **2** હજાર **800** કરોડ રૂપિયાના ચેક અર્પણ કર્યા. અમદાવાદમાં યોજાયેલા કાર્યક્રમમાં શ્રી પટેલે જણાવ્યું, શહેરી વિકાસ વર્ષ **2005**ની બે દાયકાની સફળતાને પગલે આધુનિક શહેરી વિકાસમાં મોટું પરિવર્તન આવ્યું છે.

રાજ્યની **8** મહાનગરપાલિકાઓને કુલ **2** હજાર **132** કરોડ રૂપિયા તથા નવી રચાયેલી **9** મહાનગરપાલિકાઓને પ્રત્યેકને **40** કરોડ મુજબ કુલ **360** કરોડ રૂપિયાની રકમ માળખાકીય વિકાસ કામો માટે આપવામાં આવી. આ ઉપરાંત રાજ્યની **152** નગરપાલિકાઓને કુલ **308** કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા.

**-------------------------------------------------------------------------------**

## જીતુ વાઘાણી – તુવેરની ખરીદી

રાજ્ય સરકાર આગામી સમયમાં તુવેરની ટેકાના ભાવે ખરીદી કરશે. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રી મંડળની બેઠક બાદ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, તુવેરના વેચાણ માટે ખેડૂતો **22** ડિસેમ્બરથી **21** જાન્યુઆરી-**2026** સુધી ઓનલાઇન નોંધણી કરાવી શકશે. ખેડૂતો ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે **VCE** મારફતે ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઇન નોંધણી કરી શકશે તેમ શ્રી વાઘાણીએ ઉમેર્યું હતું.

**-------------------------------------------------------------------------------**

## SIR ઝુંબેશ

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા-**SIR** ઝુંબેશ પૂર્ણ થવાના આરે છે. બે દિવસમાં જ મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થશે. મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થયા બાદ**, 19** ડિસેમ્બરથી **18** જાન્યુઆરી **2026** સુધી મતદારયાદી સબંધી વાંધા-દાવા રજૂ કરી શકાશે. જે ભારતના નાગરિક છે અને **SIR** પછી કોઇ કારણસર મુસદ્દા યાદીમાં નામ સામેલ નથી થયું તેવા નાગરિકો આધાર પુરાવા સાથે ફોર્મ નં.**6** ભરીને મતદાર યાદીમાં નામ દાખલ કરાવી શકશે.

**----------------------------------------------------------------------------------------**

## માંડવીમાં બીચ ફેસ્ટિવલ

કચ્છમાં માંડવીના રમણીય દરિયાકિનારે **11** દિવસીય બીચ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી **21** ડિસેમ્બર રવિવારથી **31** ડિસેમ્બર સુધી આયોજિત ફેસ્ટિવલમાં વિવિધ કાર્યક્રમો યોજાશે.રવિવારે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને પ્રવાસન મંત્રી હર્ષ સંઘવીના હસ્તે આ બીચ ફેસ્ટીવલ ખુલ્લો મુકવામાં આવશે. બીચ ફેસ્ટિવલ દ્વારા કચ્છના પ્રવાસન ક્ષેત્રને નવી દિશા મળશે તેમજ સ્થાનિક સંસ્કૃતિ**,** કલા અને અર્થતંત્રને પણ વેગ મળશે.

**----------------------------------------------------------------------------------------**

## નલિયામાં બીએસએફ નો કાર્યક્રમ

નલિયાની સરકારી વાણિજ્ય અને વિનયન કોલેજમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સના અધિકારીઓ દ્વારા મહત્વપૂર્ણ માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાનોમાં દેશની સુરક્ષા પ્રત્યે જાગૃતિ લાવવાનો તથા આર્મ ફોર્સીસ ખાસ કરીને **BSF** અને અગ્નિપથ યોજના અંગેની ગેરસમજોને દૂર કરી યુવાનોને દેશ સેવામાં જોડાવવાની પ્રેરણા આપવાનો હતો.

**----------------------------------------------------------------------------------------**

## હવામાન

કચ્છમાં ન્યૂનતમ તાપમાન એકથી બે ડિગ્રી ઘટવાની સાથે ઠંડી વધી હતી. જો કે, આજથી ઠારમાં ઘટાડો થવાની સંભાવના વ્યક્ત કરાઇ છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ રાજ્યમાં દાહોદ **9.8** ડિગ્રી સાથે સૌથી ઠંડુ રહ્યું હતું. બીજા ક્રમે નલિયામાં લઘુતમ ઉષ્ણતામાન **10.4** ડિગ્રી તો ત્રીજા સ્થાને ગાંધીધામ અને અંજારમાં **11** ડિગ્રી નોંધાયું હતું. જિલ્લા મથક ભુજમાં **13.8** ડિગ્રીએ પહોંચ્યો હતો.

**------------------------------------------------------------------------------------------**